



# “હું એક જ્ઞાયકભાવ છું”

હું સહજ શુદ્ધ
જ્ઞાનાનંદ એક સ્વભાવ છું...
નિર્વિકલ્પ છું...ઉદાસીન છું...
નિજ નિરંજન શુદ્ધાત્માના સમ્યક્
શ્રદ્ધાન - જ્ઞાન - અનુષ્ઠાન રૂપ છું
નિશ્ચયરત્નત્રય રૂપ નિર્વિકલ્પ સમાધિમાં
અનુભવાતા વીતરાગ સહજાનંદ રૂપ છું.
સર્વે વિભાવ પરિણામરહિત શૂન્ય છું.
માત્ર સુખની અનુભૂતિરૂપ લક્ષણ વાળા સ્વસંવેદન-
જ્ઞાન વડે સ્વસંવેદ્ય_ગમ્ય_પ્રાપ્ય_ભરિતાવસ્થ પરિપૂર્ણ

**પરમાત્મા છું.**

[ ગુરુદેવને અત્યંત પ્રિય 'પરમાત્મ ભાવના' ]

ॐ

卐 નમઃ સિદ્ધેભ્યઃ 卐

# પૂ. શ્રી કાનજી સ્વામીનાં મંગલ વચનામૃત

卐

ગુરુદેવ બહુમાનથી કહે છેઃ આચાર્ય કુંદકુંદપ્રભુની વાણીમાં શુદ્ધાત્મ-અનુભવના અજોડ ટંકાર છે. અંતરમાં સિદ્ધપદને સ્થાપીને સમયસાર દ્વારા શુદ્ધાત્મ–અનુભવના જે અજોડ ટંકાર તેમણે કર્યા છે તે ટંકાર સાંભળતાં જ મુમુક્ષુવીરનું આત્મિક શૂરાતન જાગી ઊઠે છે ને મોહ ભાગી જાય છે. જેમના પહેલા જ ટંકારે સમકિત થાય ને બીજા ટંકારે વીતરાગતા થાય,—એવા કુંદકુંદ-પ્રભુની વાણીના રણકાર ગુરુદેવના આ મંગલ વચનામૃત દ્વારા ઝીલીને મુમુક્ષુજીવ આનંદિત થશે ને એના અંતરમાંય સિદ્ધપદના ટંકાર થશે.




१. सर्वे सिद्धभगवंतोने नमस्कार.... એમ કહીને સમયસારની શરૂઆતમાં જ આચાર્યદેવે આત્મામાં સિદ્ધપણું સ્થાપીને મંગળ કર્યું છે : 'હું સિદ્ધ.... તું સિદ્ધ' મારામાં ને તારામાં બંનેમાં સિદ્ધપણું સ્થાપું છું.

૨. અનંતા સિદ્ધોને સ્વીકારીને તારા જ્ઞાનમાં આમંત્રણ આપ, ને તું પણ તેવો થા. વિકારને તારા જ્ઞાનમાંથી કાઢી નાંખ ને સિદ્ધને સ્થાપ. –શુદ્ધાત્માને સ્થાપ.

૩. વાહ, સિદ્ધપદના ટંકાર કરીને અપૂર્વ શરૂઆત કરી છે : અમારા સમયસારનું શ્રવણ કરનારા શ્રોતાઓ પણ આવા હોય; એ રાગની રુચિવાળા ન હોય. અનંતા સિદ્ધ–મહેમાનોનો સત્કાર કરીને તેમને જે પોતાના આંગણે પધરાવે છે તેનું ચૈતન્ય–આંગણું કેટલું મોટું !.... ને કેટલું ચોખ્ખું !

૪. સિદ્ધને પોતામાં સાથે રાખીને. એટલે કે સિદ્ધ જેવા પોતાના આત્માને સ્વીકારીને જે મુમુક્ષુજીવ ઊપડ્યો તે જીવ સિદ્ધપરિણતિને લીધા વગર પાછો નહિ ફરે.

૫. જેમના પહેલા જ ટંકારે સમકિત થાય ને બીજા ટંકારે વીતરાગતા થાય- એવા કુંદકુંદ પ્રભુની વાણીના આ ટંકાર સાંભળતાં જ મુમુક્ષુજીવની શૂરવીરતા જાગી ઊઠે છે. હે ભવ્ય! તું પણ સિદ્ધપદના આ ટંકાર ઝીલીને સિદ્ધ-પંથનો પથિક થા.

૬. હે ભાઈ! આ તારું સ્વરૂપ સંતો તને પોકારી પોકારીને બતાવે છે, તે એકવાર નક્કી તો કર. વન જંગલમાં વસતા, સ્વરૂપને અનુભવતા ને આનંદમાં ઝૂલતા દિગંબર સન્ત, મોરપીંછી ને કમંડળ તે પણ જેમને બાહ્ય છે, અંદર સિદ્ધ-સ્વરૂપને જ પોતામાં વસાવીને જેઓ ધ્યાવી રહ્યા છે—તેમનું આ કથન છે.

૭. અમે તો જ્ઞાન-આનંદથી પૂરા એવા સિદ્ધરૂપે અમારા આત્માને સ્થાપીને સિદ્ધપ્રભુની પંક્તિમાં બેઠા....હવે સિદ્ધ થવા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નથી. વિકારરૂપે થનારા અમે નહિ.... અમે તો સિદ્ધ થનારા.

૮. અહા, અનંતા સિદ્ધની પંક્તિમાં મારા ને તારા આત્માને સ્થાપ્યો....હે જીવ! અમારી પાસે તું 'શુદ્ધઆત્મા' સાંભળવા આવ્યો છો એટલે તું સતનું એટલું તો બહુમાન લઈને આવ્યો છો કે તને સિદ્ધપણું ગમશે ને વિકાર નહીં ગમે.

૯. અમારી વાત તને ગોઠી એટલે તું સાંભળવા આવ્યો.... અમે તને તારી પ્રભુતા દેખાડીએ છીએ... તારી પ્રભુતાની હા પાડીને સાંભળ એટલે જરૂર તને પણ અમારા જેવો સ્વાનુભવ થશે ને વક્તા તથા શ્રોતાના ભાવની સંધિ થશે.

૧૦. એક સારો રાજા ઘરે આવે તો તેનો પણ કેટલો આદર કરે છે, ને આંગણું ચોખ્ખું કરીને કેવું શણગારે છે! તો હે ભાઈ! જગતના મહારાજા એવા સિદ્ધપ્રભુને (ચૈતન્યરાજાને) તારા આત્મામાં પધરાવવા માટે તારી પર્યાયના આંગણાને નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન વડે તું શણગાર.

૧૧. જુઓ, આ સિદ્ધોને વંદનરૂપ અપ્રતિહત સાધકદશાનું માંગળિક ચાલે છે. જેણે જગતમાં અનંતાસિદ્ધોના અસ્તિત્વને સ્વીકાર્યું તે જ્ઞાનની તાકાત કેટલી? તે અતીન્દ્રિયજ્ઞાન રાગથી જુદું પડીને અંતર્સ્વભાવ તરફ વળ્યું છે. પોતાને સિદ્ધની પંક્તિમાં બેસાડીને તે અપ્રતિહતપણે સિદ્ધપદ તરફ ચાલ્યું છે. હવે તેને સિદ્ધપદની પ્રાપ્તિ થશે....થશે...ને થશે.

૧૨. આ રીતે શુદ્ધાત્માના લક્ષે જે જીવ સમયસાર સાંભળશે તેને જરૂર શુદ્ધાત્માનો અનુભવ થશે. અહા, જેની વાર્તા જ્ઞાની પાસેથી સાંભળતાં પણ મુમુક્ષુને આનંદ થાય....તેના સાક્ષાત્ અનુભવના આનંદનું શું કહેવું?

૧૩. ભગવાન કુંદકુંદસ્વામી... જેમણે વિદેહની યાત્રા કરીને સીમંધર પરમાત્માના સાક્ષાત્ ભેટા કર્યા તેઓ સ્વાનુભવના જોરથી પરમ સત્યને પ્રસિદ્ધ કરતાં ફરમાવે છે કે આત્માના નિજવૈભવમાં સિદ્ધપણું છે; અમે ભગવાન પાસેથી તે સાંભળ્યું છે, પરમ ગુરુઓએ પ્રસન્નતાપૂર્વક અમને તે બતાવ્યું છે, અમારા સ્વાનુભવથી અમે તે જોયું છે, અને આ સમયસાર દ્વારા અમે તને તે દેખાડીએ છીએ....હા જ પાડજે....સ્વાનુભવ કરીને પ્રમાણ કરજે....

૧૪. અહા, સિદ્ધપદનો આવો ટંકાર સાંભળતાં કોઈ આઠ વર્ષના બાળક પણ જાગી ઊઠે ને અંતરમાં પોતાના નિજવૈભવને દેખી હર્ષે કે 'આવો હું!'

સિદ્ધ જેવા અનંતગુણવૈભવથી પરિપૂર્ણ તે પોતાને દેખે છે ને નિર્વિકલ્પ ધ્યાનમાં કોઈ અતીન્દ્રિય આનંદને અનુભવે છે.

૧૫. જો દઢતાથી ઊપડે કે મારે મારા આત્મવૈભવને સાધવો જ છે, નિજવૈભવને દેખવો જ છે,—તો પરભાવની રુચિ તોડીને સ્વભાવને અનુભવતાં વાર લાગે નહીં.

૧૬. અહો, ચૈતન્યના વૈભવની શી વાત! તે સર્વવ્યાપી વિભુ છે. તેનું ક્ષેત્ર ભલે મધ્યમ-મર્યાદિત, પણ એના ભાવની તાકાત અચિન્ત્ય અમર્યાદ છે. પોતાના અનંતગુણપર્યાયનો જે અપાર વૈભવ પ્રગટ્યો, તે સર્વમાં વ્યાપક થઈને પરિણમે એવી આત્માની વિભુતા છે. આવો 'વિભુ' સૌમાં વસેલો છે: સમ્યગ્દર્શન થતાં પોતાના વિભુનો પોતામાં સાક્ષાત્કાર થાય છે.

૧૭. જેણે સર્વજ્ઞ સિદ્ધને તથા અરિહંતને જ્ઞાનમાં લઈને તેમનો આદર કર્યો તેને રાગનો આદર રહે નહિ; રાગમાં તેનું જ્ઞાન અટકે નહિ; તે પોતાના જ્ઞાનાનંદસ્વભાવ તરફ ઝૂકીને તેનો અનુભવ કરે.-આ રીતે સર્વજ્ઞ ભગવંતોના આદરરૂપે અપૂર્વ મંગળ કર્યું. તેમાં સમ્યગ્દૃષ્ટિનું મુખ્ય લક્ષ પોતાના શુદ્ધ આત્મસ્વભાવ ઉપર છે. આવા આત્માને લક્ષમાં લઈને અંતરમાં તેની ભાવનાનું વારંવાર ઘોલન કરવું તે માંગળિક છે.

૧૮. અરે, આત્મસ્વરૂપના વિચાર-મનનમાં જ્ઞાનને રોકે તો તેના અનુભવનો માર્ગ મળે, ને જન્મ-મરણના ફેરા ટળે. આત્માનું હિત કરવાનો આવો દુર્લભ અવસર માંડ મળ્યો છે, તેમાં જો આ ન સમજે તો ક્યાંય આરો આવે તેમ નથી, શાંતિ મળે તેમ નથી.

૧૯. અતીન્દ્રિય આનન્દઘન આત્મા પોતાની પ્રકાશ શકિતને લીધે, અનંતગુણની શુદ્ધિના સદ્‌ભાવરૂપે ને રાગાદિના અભાવરૂપે સ્વસંવેદનમાં સ્પષ્ટ પ્રકાશે છે. સ્વસંવેદનમાં ચોથાગુણસ્થાને પણ આવું પ્રત્યક્ષપણું છે. એના વગર સાચી પ્રતીત થાય નહિ. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં આવું સ્વસંવેદન પ્રગટે છે ને સમ્યગ્દર્શન થાય છે.

૨૦. આ આત્મા અનંતગુણના વૈભવથી ભરેલો ચૈતન્યભગવાન છે. અરે, જીવ! એકવાર તારા ચૈતન્યબળને સ્વ તરફ ઉલ્લસાવીને તારા આવા સ્વભાવની હા તો પાડ....તેનું લક્ષ તો કર. પુરુષાર્થની તીખી ધારાએ સ્વભાવનો અપૂર્વ ઉલ્લાસ લાવીને યથાર્થ નિર્ણય કરતાં તેનું સ્વસંવેદન થયા વગર રહે નહિ; આત્મઅનુભવ થાય જ.

૨૧. પ્રભો, આ જે કાંઈ કહેવાય છે તે બધું તારામાં જ ભરેલું છે; તારા આત્મ-વૈભવની આ વાત સન્તો તને સંભળાવે છે. વાહ રે ચૈતન્યપ્રભુ! તારી અદ્‌ભુત પ્રભુતા! એકલા જ્ઞાનપ્રકાશનો પૂંજ! અનંત આનંદનું ધામ! આવી અનંત શક્તિના વૈભવસ્વરૂપ આત્મા તું છો.

૨૨. જુઓ આ મોહક્ષયનો અપૂર્વ માર્ગ! અહા, જેનું ઉલ્લાસથી શ્રવણ કરતાં પણ મોહબંધન ઢીલા પડવા માંડે, અને જેનું ઊંડું અંતર્મંથન કરતાં ક્ષણવારમાં મોહ નાશ પામે–એવો અમોઘ ઉપાય સંતોએ બતાવ્યો છે. જગતમાં ઘણો જ વિરલ એવો જે સમ્યકત્વાદિનો માર્ગ તે આ કાળે સન્તોના પ્રતાપે સુગમ બન્યો છે....એ ખરેખર મુમુક્ષુ જીવોનાં કોઈ મહાન સદ્‌ભાગ્ય છે. આવો દુર્લભ અવસર પામીને હે જીવ! હવે બીજું બધું ભૂલીને એક આત્મહિતના પ્રયત્નમાં તું કટિબદ્ધ થા.

૨૩. શ્રી આચાર્યદેવ કહે છે : સમયસારના હે ભવ્ય શ્રોતા! તું, અમારા સ્વાનુભવના નિજવૈભવથી કહેવાતા આ શુદ્ધાત્માને, તારા પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષ વડે પ્રમાણ કરજે. જિનવાણી-અનુસાર પોતાના એકત્વસ્વભાવનો અભ્યાસ કરતાં-કરતાં અંતરમાં સ્વસન્મુખ સ્વસંવેદન જાગ્યું ત્યારે તે જીવ સમસ્ત દ્રવ્યશ્રુતના રહસ્યને પામ્યો; જ્યાં એવું રહસ્ય પામ્યો-એટલે કે ભાવ-શ્રુત થયું-ત્યાં અંતરની અનુભૂતિમાં આનંદના ઝરણાં ઝરવા માંડયા. ભગવાન આત્મામાં આનંદનું અક્ષય-સરોવર ભર્યું છે; તેની સન્મુખતાથી આનંદના ફૂવારા ફુટે છે; અનુભૂતિમાં આનંદના ઝરા ચૈતન્યસરોવરમાંથી વહે છે.

૨૪. હે ભાઈ, આ શરીર તો ધૂળનું ઢીંગલું છે; આત્માનું સુખ તેમાં ક્યાંય નથી; તેના ઉપરથી દૃષ્ટિ-મમતા હટાવીને, દેહથી જુદા પોતાના ચૈતન્ય-સ્વભાવમાં પરમ પ્રેમથી એકાગ્ર થતાં તેમાંથી અતીન્દ્રિય શાંતિનું ઝરણું આવે છે. મુમુક્ષુજીવ જે શાંતિ લેવા માંગે છે તે કોઈ સંયોગમાંથી નથી આવતી, પણ પોતાના સ્વભાવમાંથી જ આવે છે.

૨૫. સન્તો ફરીફરી કહે છે : અરે જીવ! બાહ્યવિષયો તો મૃગજળ જેવા છેતરામણા છે, તેમાં ક્યાંય તારી શાંતિનું ઝરણું નથી,-એમ સમજીને હવે તો તેનાથી પાછો વળ....ને ચૈતન્યસ્વરૂપ કે જે અનંત સુખથી ભરેલું છે-તેમાં અંતર્મુખ થા. સુખધામ એવા ચૈતન્યસન્મુખ થતાંવેંત શાંતિના ઝરણાંનું પાન કરીને તારો આત્મા તૃપ્ત-તૃપ્ત થઈ જશે.

૨૬. 'હું જ જ્ઞાન છું, હું જ સુખ છું' એવી જેને ખબર નથી તે જ્ઞાન-સુખને માટે બહારમાં ભમે છે. જેમ કસ્તુરી મૃગ પોતાની સુગંધને બહારમાં

ઢૂંઢી-ઢૂંઢીને હેરાન થાય છે. આવી મજાની સુગંધ મારામાં હોય !-એમ તેને વિશ્વાસ આવતો નથી; તેમ જીવને પોતાના અંદરના નિર્વિકલ્પ ચિદાનંદ સ્વભાવની પ્રતીત બેસતી નથી એટલે બહારમાં-શરીરમાં વિષયોમાં રાગમાં-તે પોતાની મહત્તાને તથા સુખને ઢૂંઢે છે.—બહારમાં ભટકી-ભટકીને હેરાન થઈ રહ્યો છે. ભગવાન કહે છે: હે ભાઈ! તારો આનંદ તારામાં જ ભર્યો છે. આનંદ માટે બીજા કોઈની તારે જરૂર નથી. અમારા જેવો જ તું છો.

૨૭. અહા, પોતાના અતીન્દ્રિય સુખસ્વભાવની વાત સાંભળતાં જેને અંતરથી ઉમળકો આવે છે તે અલ્પકાળે મોક્ષ પામ્યા વગર રહે નહિ. અતીન્દ્રિય સ્વભાવ પ્રત્યે જ્યાં ઉલ્લાસ આવ્યો ત્યાં પરિણતિ ઇન્દ્રિયવિષયો તરફથી તેમજ રાગાદિભાવો તરફથી ] પાછી વળવા માંડી ને અંતર સ્વભાવ તરફ ઝૂકવા માંડી, તેને છૂટકારાનો અવસર આવ્યો. જેમ ધવરાવવા માટે છોડે ત્યાં છૂટકારાના અવસરે નાનું વાછરડું પણ હરખથી નાચી ઊઠે છે તેમ આત્માની સ્વાનુભૂતિનો ને બંધનથી છૂટકારાનો અવસર આવ્યો, ત્યાં મુમુક્ષુજીવની પરિણતિ ઉલ્લાસથી નાચી ઊઠે છે.

૨૮. સમ્યગ્દર્શનસન્મુખ થયેલા જિજ્ઞાસુજીવને પોતાનું કાર્ય કરવાનો ઘણો હર્ષ હોવાથી અંતરંગ પ્રીતિથી તેનો ઉદ્યમ કરે છે. 'પોતાનું કાર્ય' એટલે સમ્યગ્દર્શન; સમ્યગ્દર્શન કરવું એ એના જીવનનું ધ્યેય છે, તેથી સમ્યગ્દર્શન માટે ઉલ્લાસપૂર્વક નિરંતર પ્રયત્ન કરે છે. આત્મકાર્યમાં નિરંતર ઉલ્લાસમાન તે આત્માર્થી જીવ અલ્પકાળમાં સમ્યગ્દર્શન પામે જ છે.

૨૯. આત્માર્થી જીવ પોતાના આત્મહિત માટે હંમેશ સ્વાધ્યાય-ચિન્તન જરૂર કરે. જ્ઞાયક એવો હું જગતથી છૂટો છું, જગતની સાથે મારે કોઈ સંબંધ નથી. જગતના કોઈ કામનો બોજો મારા ઉપર નથી; હું તો અસંગ ચૈતન્યતત્ત્વ છું. આ પ્રમાણે નિવૃત્ત થઈને રોજ ઘડી-બેઘડી પણ પોતાના આત્માનું ચિન્તન મનન કરવું જોઈએ. સત્પુરુષોએ દર્શાવેલા આત્માનું વારંવાર અંતરમાં ચિંતન-મનન કરવું તે અનુભવનો ઉપાય છે.

૩૦. વર્તમાન પર્યાયની સ્ફૂરણામાં આત્મસ્વભાવના નિર્ણયનું જોર આવે ત્યારે જ જીવ અંતર્મુખ થઈને સ્વસંવેદન કરે છે. સ્વસંવેદનથી સ્વયં પ્રકાશે એવો સ્વયંપ્રકાશી આત્મા મે. છે.

૩૧. ચૈતન્યસ્વભાવનો મહિમા ઘૂંટતાં-ઘૂંટતાં મુમુક્ષુના નિર્ણયમાં એમ આવે કે અહો! મારી આ વસ્તુ જ સ્વયં પરિપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ છે; અને આવા નિર્ણયના બળે અંતર્મુખ થઈને સ્વસંવેદન વડે તે પોતે પોતાનો પ્રત્યક્ષ જ્ઞાતા થઈ જાય છે.—આનું નામ સમ્યગ્દર્શન છે, આજ શુદ્ધાત્માની અનુભૂતિ છે; પોતામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરીને તે જીવ પૂર્ણતાના પંથે ચડયો; તે વીર થઈને વીરમાર્ગે ચાલ્યો.

૩૨. ચૈત્રસુદ તેરસે ભગવાનના જન્મોત્સવપ્રસંગે ગુરુદેવે કહ્યું કે: વીરપ્રભુએ ઉપયોગને અંતર્મુખ કરીને, આત્મિક વીરતા વડે પોતાની પરમાત્મદશાને સાધી; અને ઉપદેશમાં પણ એ જ માર્ગની હાકલ કરી કે, હે જીવો! પરમાત્મા થવા માટે તમે પણ તમારા ઉપયોગને અંતરમાં વાળીને આત્માને સ્વસંવેદન-પ્રત્યક્ષ કરો.-જુઓ, આ વીરહાક! આ છે વીરપ્રભુનો સંદેશ.

૩૩. સિદ્ધભગવંતોના નિરુપાધિ જ્ઞાન-દર્શન ને સુખનું વર્ણન કરતાં આચાર્યદેવ પંચાસ્તિકાય ગા. ૨૯ માં કહે છે કે : નિજશક્તિના અવલંબનથી સ્વયમેવ સર્વજ્ઞ થયેલા ને સ્વકીય સુખને અનુભવનારા સિદ્ધભગવંતોને પરથી કાંઇ પ્રયોજન નથી. એ સિદ્ધભગવંતોને સર્વોચ્ચ આદર્શરૂપે લક્ષમાં લઇને, હે જીવ ! તું પણ પરાલંબનની બુદ્ધિ છોડ....ને સ્વાવલંબનમાં આત્માને જોડ. -આમ કરવાથી તારો આત્માય સિધ્ધના માર્ગે સંચરશે.

૩૪. જીવનો સ્વભાવ પોતાની મેળે સર્વજ્ઞ થવાનો છે. જ્ઞાન અને સુખસ્વભાવી આત્મતત્ત્વ દેહથી ભિન્ન છે, તેનામાં દેહ-ઇન્દ્રિયો કે રાગ વગર પોતાના સ્વભાવથી જ સર્વને જાણવા-દેખવાની તાકાત છે; જ્યાં જ્ઞાન-દર્શનની પૂર્ણતા હોય ત્યાં આનંદની પણ પૂર્ણતા હોય જ. જેણે આત્માનું હિત કરવું હોય તેણે પ્રથમ પોતાના આવા ઇષ્ટસ્વભાવને ઓળખવો.

૩૫. 'जादो सयं स चेदा सव्वण्हू '— અહો, આત્મા સ્વયં પોતાના સ્વભાવથી સર્વજ્ઞ થાય છે. પોતાના સ્વાધીન સર્વજ્ઞસ્વભાવની પ્રતીત કરવી તે પરમાત્મા થવાનો ઉપાય છે. જેને ભવનાં દુઃખનો ભય લાગ્યો હોય એટલે ભવનાં દુઃખથી છૂટવું હોય ને આત્માની પૂર્ણાનંદમય પરમાત્મદશા પ્રગટ કરવી હોય તે, સર્વજ્ઞ સમાન પોતાના સ્વભાવની પ્રતીત કરો....અનુભવ કરો....તેમાં એકાગ્રતા કરો.

૩૬. હે ભાઈ ! ધીરો થઈને ચૈતન્યના સ્વભાવનો વિચાર કર. અહો, મારો આત્મા સ્વયં પોતે જ સર્વજ્ઞતારૂપે ને પૂર્ણસુખરૂપે પરિણમે એવો મારો સ્વભાવ છે : -આમ નક્કી કર્યું તેમાં રાગનું કે ઇન્દ્રિય વગેરે કોઇ બાહ્યવસ્તુનું સ્થાન ન રહ્યું; એકલા પોતાના સ્વભાવને જ જોવાનું રહ્યું એટલે તેને અંતર્દૃષ્ટિથી મુક્તિનો માર્ગ ખૂલી જ જાય છે.

૩૭. જેને ચૈતન્યને સાધવાનો ઉત્સાહ છે તેને ચૈતન્યસાધક બીજા ધર્માત્માને દેખતાં પણ ઉત્સાહ અને ઉમળકો આવે છે : 'અહા, આ ધર્માત્મા કેવા મજાના ચૈતન્યધર્મને સાધી રહ્યા છે?' એ રીતે ધર્મના પ્રમોદપૂર્વક એને પોતાને પણ આરાધનાનો ઉત્સાહ વૃદ્ધિગત થાય છે.

૩૮. આત્મા ચૈતન્યસત્તા છે; તે ચૈતન્યસત્તા જડથી તો જુદી છે, ને ક્રોધાદિકથી પણ જુદી છે. ચૈતન્યસત્તા જો ક્રોધાદિથી જુદી ન હોય ને બંને એક હોય તો ક્રોધથી ભિન્ન આત્મા અનુભવી શકાય જ નહિ. પણ ધર્મીને ક્રોધાદિ વગરની ચૈતન્યસત્તા અનુભવમાં તો આવે છે. આ રીતે બંનેની સત્તા ભિન્ન છે.

૩૯. અંતરમાં પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવના અનુભવ માટે ધૂન જાગી ત્યાં, આત્માના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે.

૪૦ ચૈતન્યસન્મુખતાથી ધર્મીને જ્યાં પરમ અતીન્દ્રિય આનંદનું વેદન થયું ત્યાં પોતાના વેદનથી તેને ખબર પડી કે, મારા આ આનંદના વેદનમાં રાગનું અવલંબન નથી કે કોઈ પરનો આશ્રય નથી; મારા આત્માનો જ આશ્રય છે; હું પોતે જ સ્વયમેવ સુખના સ્વાદરૂપ પરિણમી રહ્યો છું. આ રીતે સમ્યગ્દષ્ટિને સ્વાદપૂર્વક નિજ સ્વભાવની પ્રતીત હોય છે.

૪૧. ચૈતન્યસ્વભાવના અચિંત્ય મહિમાનું ચિંતન કરીને ચિત્તની નિશ્ચલતા વડે જ જ્ઞાન સ્વભાવ સધાય છે; ચિત્તની નિશ્ચલતા વગર સ્વાનુભવ થાય નહિ.

૪૨. પૂર્ણ સાધ્યને ઓળખીને, તેના સ્વીકારપૂર્વક ધર્મીને સાધકભાવ વર્તી રહ્યો છે. પોતામાં પૂર્ણ સાધ્યને સ્વીકારનાર જ્ઞાને રાગાદિ બાધકભાવોને પોતાથી જુદા જાણ્યા....તે જ્ઞાન રાગાદિ પરભાવથી જુદું પડીને સ્વભાવ તરફ પરિણમતું સાધક થયું, આનંદરૂપ થયું.

૪૩. આત્મા આનંદસ્વભાવી છે. સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય નિજાત્મા છે, કેમકે તેમાં આનંદ છે. સ્વધ્યેયે જે અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો જ ખરો આનંદ છે.

૪૪. બાહ્યવિષયોમાં ક્યાંય સાચો આનંદ છે જ નહિ. બાહ્યવિષયોનું આલંબન એ દુઃખની નિશાની છે; જો દુઃખ ન હોય તો બાહ્યવિષયોમાં ફાં-ફાં શા માટે મારે ?

૪૫. આત્માના આનંદસમુદ્રમાં લીન એવા કેવળીભગવંતોને કે મુનિરાજ વગેરેને સંયોગ વગર નિજાનંદના અનુભવમાં જે સુખ છે, ચક્રવર્તી કે ઇન્દ્રપદના વૈભવમાંય તે સુખનો અંશ પણ નથી.

૪૬. સુખ માટે હે જીવ ! તું બાહ્યવિષયોમાં ન જા; તારા અંતરસ્વભાવમાં જ જા; સ્વભાવને જોતાં જ તને પરમ ઇષ્ટરૂપ એવા મહાસુખની અનુભૂતિ થશે.

૪૭. મુમુક્ષુ આત્મા તો પોતાના અતીન્દ્રિયસુખની વાત સાંભળતાં જ અંતરના ઉલ્લાસપૂર્વક સ્વીકાર કરે છે કે વાહ ! આવું મારું સુખ !-આમ સ્વભાવના પ્રમોદપૂર્વક અતીન્દ્રિય મોક્ષસુખનો સ્વાદ તે ચાખી લ્યે છે.

૪૮. પોતાના સ્વાભાવિક અતીન્દ્રિયસુખનો સ્વાદ લેતો ચૈતન્યભગવાન જ્યાં જાગ્યો, વિષયોથી નિરપેક્ષ સ્વ-ઉત્પન્ન આત્મિક સુખનું વેદન થયું ત્યાં હવે અચેતન ઇન્દ્રિયોમાં કે બાહ્યવિષયોમાં સુખની કલ્પના પણ તેને કેમ થાય ?

૪૯. ચૈતન્યતત્ત્વનો અદ્ભુત મહિમા બતાવતાં શ્રીગુરુ ઊંડાણમાંથી વારંવાર કહે છે કે-અહો, શાંત....પ્રશાંત ચૈતન્યતત્ત્વ ! કેટલું સુંદર ! કેટલું ગંભીર ! કેટલું મહાન ! જેની નિકટતામાં પણ શાંતિના ફૂવારા છે તેની અંદરની

શાંતિની તો શી વાત!! એ શાંતિની પરમ શીતળતામાં સંસારનો કોઈ આતાપ આવી શકતો નથી. અરે જીવ! એકવાર અંદર આવ તો ખરો.... એ આત્મસ્વાદ ચાખતાં તું તૃપ્ત-તૃપ્ત થઇ જઇશ.

૫૦. આત્મા રાગ-દ્વેષ વગર જીવી શકે છે પણ ચેતના વિના જીવી શકતો નથી.

૫૧. ચૈતન્યપ્રાણ વડે જીવતા આત્માને કોઈ હણી શકે નહિ. જીવત્વશક્તિને લીધે તે સદાય જીવન્ત છે.

૫૨. પોતે જ પોતાના સમ્યકત્વાદિનું કારણ થાય એવો આત્માનો કારણસ્વભાવ [ કરણશક્તિ ] છે. પર્યાયમાં કાર્ય ન આવે તેણે કારણનો સ્વીકાર કર્યો જ નથી. કારણની સન્મુખ થઇને તેનો સ્વીકાર કરતાં જ કારણ જેવું કાર્ય પ્રગટે છે; તે કાર્યદ્વારા જ કારણનો સ્વીકાર થયો છે.-આમ કારણ-કાર્યની સંધિ છે.

૫૩. સર્વજ્ઞ મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું છે તે જ્ઞાનસામર્થ્ય સર્વ આત્મામાં છે એટલે કે હરેક આત્મા સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ છે; તેની પ્રતીત કરનારને તે પ્રગટે છે.

૫૪. અંતરમાં ચેતનાના થનગણાટપૂર્વક જે જીવને આત્મલગની લાગી છે તે જીવ સતત પ્રયત્ન વડે સમ્યગ્દર્શન પ્રગટ કરશે જ.

૫૫. જ્ઞાન ને રાગ જુદા છે. રાગને જાણતી વખતે પણ જ્ઞાન તો જ્ઞાન જ છે, જ્ઞાન કાંઈ રાગ થઈ ગયું નથી. જ્ઞાન પોતે જો રાગ થઈ જાય તો રાગને જાણે કોણ?

૫૬. જ્ઞાનીઓએ શિખામણ આપવામાં કાંઈ બાકી નથી રાખ્યું....હવે તો જીવે પોતે જાગવાનું છે. જીવ પોતે જાગે તો એક ક્ષણમાં આત્માનું કામ કરી લ્યે એમ છે. જાગ રે જીવ, જાગ!

૫૭. જ્ઞાની પુરુષોનો માર્ગ ત્યારે જ ઉપાસ્યો કહેવાય કે જ્યારે પોતે સ્વાનુભવ કરીને તે માર્ગે ચાલે. જાત-અનુભવવડે જ જ્ઞાનીનો માર્ગ દેખાય છે. આ પ્રકારના ભાવથી એકવાર પણ આત્મજ્ઞાનીની ઉપાસના જે કરે તે જીવ પ્રતિબુદ્ધ થાય જ.

૫૮. રાગ અને જ્ઞાન સ્પષ્ટ જુદા છે; કેમકે રાગના અભાવે આત્મા જીવી શકે છે, પણ જ્ઞાનના અભાવે આત્મા જીવી શકતો નથી. જ્ઞાન તો આત્મસ્વભાવ છે; રાગ કાંઈ આત્માનો સ્વભાવ નથી.

૫૯. મોક્ષરૂપ જે ઉત્તમ સુગતિ તે સ્વદ્રવ્યમાં એકાગ્રતાથી જ થાય છે; ને પરદ્રવ્યમાં રતિથી તો સંસારની ચારગતિરૂપ દુર્ગતિ થાય છે.–આમ જાણીને સ્વદ્રવ્યમાં રત થવું ને પરદ્રવ્યથી વિરત થવું તે જિનપ્રભુનો ઇષ્ટ ઉપદેશ છે....તે જ હિતનો ઉપાય છે.

૬૦. અહા, મોક્ષમાર્ગી જીવોનાં જીવન કોઈ જુદી જાતના છે. પોતાના ચૈતન્ય-સ્વભાવ સિવાય બીજા કોઇની જેને અંતરમાં દરકાર નથી; જગતના પ્રસંગોથી એમની પરિણતિ હલી જતી નથી. અંતરની અનુભવદશામાં ચૈતન્યના આનંદના દરિયા ડોલતા દેખ્યા છે, એનું ચિત્ત હવે બીજે ક્યાંય કેમ લાગે?

૬૧. રે જીવ! તારે મોક્ષમાર્ગી થવું છે ને! – તો સંસારમાર્ગી જીવો કરતાં મોક્ષમાર્ગી જીવોનાં લક્ષણ તદ્દન જુદા હોય છે: માટે પ્રતિકૂળતા વગેરે પ્રસંગ આવતાં તું સંસારી જીવોની જેમ ન વર્તીશ. પણ મોક્ષમાર્ગી–ધર્માત્માઓનું જીવન લક્ષમાં રાખીને તે રીતે વર્તજે.

૬૨. હમણાં–હમણાં ગુરુદેવ શાંતરસમય વૈરાગ્યભાવથી વારંવાર કહેતા કે, અહો, જ્ઞાનસ્વરૂપે તો બધાય આત્માઓ સમાનધર્મી–સાધર્મી છે; તેમાં કોઇ પ્રત્યે વેર વિરોધ ક્યાં રહે છે? બધાય જીવો સુખી થાઓ: જગતમાં કોઇ જીવ મારા નિમિત્તે દુઃખી ન થાઓ.–એમ સર્વત્ર મધ્યસ્થ થઇને પોતાના આત્માની આરાધના કરવી તે ધર્મીજીવનું કામ છે.

૬૩. આત્મા ઉપયોગસ્વરૂપ છે, તે ક્રોધાદિ પરભાવોથી તદ્દન જુદો છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, ક્રોધાદિભાવો દુઃખરૂપ છે;—આમ ઉપયોગ અને ક્રોધ બંનેની અત્યંત ભિન્નતા જાણીને, ઉપયોગસ્વરૂપ શુદ્ધાત્માનો જેણે અનુભવ કર્યો તેણે સમસ્ત જિનશાસનને જાણી લીધું. મોક્ષના ઉપાયરૂપ આવું ભેદજ્ઞાન અભિનંદનીય છે.

૬૪. અરે, જેનામાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે, જેનામાં અખંડ પ્રતાપથી શોભતી પ્રભુત્વ શક્તિ છે, તે આત્મા એમ કહે કે રાગથી આત્માની ભિન્નતાનું ભેદજ્ઞાન કરવાનું કઠણ છે–એ વાત તેને કેમ શોભે? પ્રભો! ચૈતન્યની શૂરવીરતાના એક ટંકારે ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન કરી લે–એવી તારી તાકાત છે. તારી તાકાતને સંભાળ! અત્યારે નહિ સમજ તો ક્યારે સમજીશ?

૬૫. સમ્યગ્દર્શન થતાં આત્માનું આખું જીવન જ પલટી જાય છે; એના અંતરમાં અનંતગુણોનો ચૈતન્યબગીચો ખીલી ઊઠે છે. જીવને જ્યારે આત્માની ખરેખરી ધગશ જાગે ત્યારે, રાગાદિ અશાંતભાવો અને ઉપયોગની શાંતિ-એ બંનેને અત્યંત જુદા જાણીને, શાંતરસના વેદનપૂર્વક તે સમ્યગ્દર્શન પામે છે.

૬૬. સમયસારના સંવર અધિકારમાં આત્માના અલૌકિક અચિંત્ય ભાવો ભર્યા છે. ઉપયોગ એટલે જ્ઞપ્તિક્રિયા, જાણનક્રિયા, તેમાં આત્મા છે; અથવા તે ક્રિયા આત્માથી અભિન્ન છે એટલે તે આત્મા જ છે. ક્રોધાદિ ક્રિયામાં આત્મા નથી. ક્રોધાદિ ભાવની ક્રિયાથી જ્ઞાનક્રિયા ભિન્ન છે.-આવું ભેદજ્ઞાન કરીને જ્ઞાનભવનરૂપ ક્રિયા તે સંવર છે, તે પ્રશંસનીય છે.

૬૭. ચૈતન્યની વીતરાગી ક્ષમાના આરાધક ધર્માત્માઓ સ્વાનુભવથી જાણે છે કે ક્રોધથી ભિન્ન ઉપયોગસ્વરૂપ અમારો આત્મા છે. અજ્ઞાનમાં આવા આત્મા પ્રત્યે અરુચિ તે મોટો ક્રોધ છે. જેને રાગનો પ્રેમ છે તેને શુદ્ધઆત્મા ઉપર ક્રોધ છે; અને જેને શુદ્ધ આત્મા પ્રત્યે પ્રેમ જાગ્યો છે તેને રાગના કોઈ અંશની રુચિ રહેતી નથી.

૬૮. ધર્માત્માના જ્ઞાનમાં પરમાત્મા બિરાજે છે.

૬૯. ઇન્દ્રિયાતીત સ્વસંવેદનજ્ઞાનના બળે જેણે પરમાત્માને સાક્ષાત્ ઓળખી લીધા છે, એવા ધર્માત્માની પરિણતિમાં શુદ્ધપરમાત્મા બિરાજે છે; અને જ્યાં પરમાત્મા બિરાજતા હોય ત્યાં રાગનો કોઈ અંશ રહી શકે નહિ. આવા આત્માના શ્રદ્ધા-જ્ઞાન કરવા તે મોક્ષના મંગલમહોત્સવની શરૂઆત છે.

૭૦. ગુરુદેવ કહે છે : હે જીવ ! પરમાત્માના ઘરનાં આ કહેણ આવ્યા છે કે 'તું પરમાત્મા છો, તું ભગવાન છો....' મોટા ઘરના કહેણ તું સ્વીકારી લે ને

મોક્ષલક્ષ્મી સાથે તારી સગાઈ કરી લે....પછી અલ્પકાળમાં તું મોક્ષને પામીશ.

૭૧. જૈનશાસનની આ મહાન ખૂબી છે કે કોઇ પણ તત્ત્વનો સાચો નિર્ણય કરતાં આત્મા સ્વસન્મુખ થાય છે ને વીતરાગતા થાય છે.

૭૨. સ્વસન્મુખતા ને વીતરાગતા એ જ સર્વે જૈનશાસ્ત્રોનું તાત્પર્ય છે, એ જ જૈનધર્મ છે. ને એ જ સર્વજ્ઞદેવનો ઇષ્ટ ઉપદેશ છે.

૭૩. શ્રી અરિહંતદેવ અને સિદ્ધભગવાન પ્રત્યેનો શુભઅનુરાગ તે પણ જ્યાં સંસારનું જ કારણ છે ત્યાં બીજા તુચ્છ રાગની તો શી વાત! અરિહંત અને સિદ્ધભગવાનને ઓળખનારો જીવ કોઇપણ રાગને મોક્ષનું કારણ માને નહિ.

૭૪. અહા, તીર્થંકરોએ બતાવેલો રાગ વગરનો આવો સુંદર માર્ગ!-તે સુંદર વીતરાગી માર્ગની પણ જગતના અજ્ઞાની જીવો નિંદા કરે તો તે સાંભળીને હે મુમુક્ષુ! તું આ સુંદર જિનમાર્ગની ભક્તિ છોડીશ મા; એની શ્રદ્ધાથી ડગીશ મા. શ્રદ્ધા-ભક્તિ અને ઉત્સાહથી તું જિનમાર્ગને સાધજે.

૭૫. સર્વજ્ઞ ભગવાને કહેલું વીતરાગી વિજ્ઞાન પોતામાં પ્રગટ કરવું તે ભગવાનની સાચી ભક્તિ છે ને તેનું ફળ મુક્તિ છે.

૭૬. જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ કરવી તે જૈનશાસનનું ફરમાન છે. આ અનુભૂતિનો મહિમા ઘણો ગંભીર છે. આત્મા પોતે જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે. તે જ્ઞાનના અનુભૂતિમાં રાગની અનુભૂતિ નથી. આવું ભેદજ્ઞાન થતાં જ અપૂર્વ સ્વાનુભૂતિ પ્રગટે છે.

૭૭. એક અપેક્ષાએ કહીએ તો, જગતના જીવોને સ્વાનુભૂતિનો માર્ગ બતાવવા માટે જ તીર્થંકરોનો અવતાર છે. બારઅંગ-ચૌદપૂર્વરૂપ જિનોપદેશમાં જ્ઞાનસ્વરૂપ આત્માની અનુભૂતિ કરવાનું જ વિધાન છે. જેણે આવી અનુભૂતિ કરી તે જીવ ભગવાનના માર્ગમાં આવ્યો.

૭૮. 'કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે,' તેનાથી અમારા આત્માની કાંઈ હીનતા કે અધિકતા નથી; અમે તો રાગ-દ્વેષ રહિત અમારા ચૈતન્યના સમરસનું પાન કરશું.—'રાગ આગ દહે સદા ...તાતેં સમામૃત સેઈએ.' અમે તો અમારા ધ્રુવ-ચિદાનંદસ્વરૂપમાં આસન લગાવીને વીતરાગપણે બેઠા છીએ,—તેમાં રાગની આગ નથી. આવી અદ્ભુત યોગીદશા મુનિઓને હોય છે. ધન્ય એ દશા!

૭૯. જેને મોક્ષ પામવો હોય તેણે મુનિ થઈને શુદ્ધોપયોગી ચારિત્રદશા અંગીકાર કર્યે જ છૂટકો. અહો, ચારિત્રમાં મહા આનંદનું વેદન છે. સમકીતિ જીવે આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો ચાખ્યો છે; તે જ્યારે વૈરાગ્ય પામીને દીક્ષા લ્યે ને ધ્યાનમાં કરે, તે વખતના આનંદની શી વાત! તેમાં અપાર શાંતિ છે. શાંતિની રેલમછેલ ચારિત્રદશામાં હોય છે. અહો, એવી ચારિત્રદશા અમને ક્યારે આવે!!

૮૦ જૈન મુનિઓને શુદ્ધોપયોગી ચારિત્રદશાની સાથે બહારમાં પણ નિર્ગ્રંથ-દિગંબર દશા જ હોય છે – એ વાત તો જગતમાં પ્રસિદ્ધ છે.—આવા પ્રસિદ્ધ મુનિમાર્ગમાં અમે ક્યારે વિચરશું?—'ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો...'

૮૧. અનંત તીર્થંકરો જે પંથે વિચર્યા તે પંથે અમે વિચરનારા છીએ. અમે તીર્થંકરોના કુળના છીએ; ચૈતન્ય ભગવાન સિવાય બીજા કોઈને જ્ઞાનમંદિરમાં લાવું નહિ—એ અમારા કુળની ટેક છે.

૮૨. ચૈતન્યનું ધ્રુવધામ એવું સ્થાન છે કે જ્યાં આનંદ પાકે છે; અસંખ્યપ્રદેશી ચૈતન્યક્ષેત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અતીન્દ્રિય આનંદરૂપ પાક પાકે છે.

'અમારો આત્મા જ સુખધામ છે.... પછી બીજાનું શું કામ છે?'

૮૩. જેમ શુદ્ધ આત્માને જાણ્યા વગર, કોઈ કહે કે મેં પરમાગમની ગંભીરતાને જાણી લીધી, -તો તે શું સત્ય છે-ના; તેમ મહાવીર ભગવાનની સર્વજ્ઞતાને ઓળખ્યા વગર તેમની વાણીરૂપ પરમાગમને પણ ઓળખી શકાતા નથી.

૮૪. જેઓ પોતે રાગ છોડીને વીતરાગ થયા તેઓ રાગને કરવા જેવો કેમ કહે?

૮૫. ભગવાન પોતે વીતરાગ થઈને ભવસાગરને તર્યા છે ને તેમણે વીતરાગતાનો જ મોક્ષમાર્ગ તરીકે ઉપદેશ આપ્યો છે.—

"તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;
વીતરાગ થઈને એ રીતે એ ભવ્ય ભવસાગર તરે."

૮૬. અહો, વિપુલાચલ પરથી વીરનાથ ભગવાને જે 'વિમલ' સંદેશ આપ્યો તે જ સંદેશ કુંદકુંદાચાર્યદેવે પરમાગમ દ્વારા જગતને આપ્યો છે. આત્માનો આનંદ જેનાથી પમાય એવો વીરનાથનો માર્ગ આજે પણ જયવંત છે.

શ્રી વીરપ્રભુનાં વેણ છે.... કુંદકુંદપ્રભુનાં કહેણ છે;
મીઠાં અમૃત વહેણ છે.... શ્રી જિનાગમ જયવંત છે.

૮૭. સોનગઢમાં શ્રી પરમાગમ-મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્વ પ્રસંગે શેઠશ્રી શાંતિ-પ્રસાદજી સાહૂએ જિજ્ઞાસાથી પૂછ્યું : પહેલાં અમારે શું કરવું તે બતાવો. આત્માકા અનુભવ કૈસે હો? યહ સમઝના ચાહતે હૈં.

'બહુ સારી વાત પૂછી' એમ કહીને પ્રેમપૂર્વક ઉત્તર આપતાં ગુરુદેવે કહ્યું : આત્મા ઉપયોગસ્વરૂપ છે; તેના ઉપયોગને ક્રોધાદિથી ભિન્નતા છે—આવી ઓળખાણ અને ભેદજ્ઞાન તે જ પહેલાં કરવાનું છે; તેમાં જ અહિંસા, અનેકાંત અને અપરિગ્રહ સમાય છે, અને એ જ જન્મ-મરણથી છૂટવાનો ઉપાય છે.

૮૮. મારા આત્માની સ્વભાવક્રિયા ઉપયોગમય છે, રાગનો કોઈ અંશ તેમાં સમાય નહિ; આવું ભેદજ્ઞાન કરનાર સાધકના ભાવમાં 'જ્ઞાનધારા' જુદી છે ને રાગધારા જુદી છે. જ્ઞાનધારા તો આનંદરૂપ છે, ને રાગધારા તો દુઃખરૂપ છે. રાગ વગરની આનંદરૂપ જ્ઞાનધારા તે જ વીતરાગી અહિંસા-ધર્મ છે, તે જ અનેકાંત છે ને તે જ રાગરહિત અપરિગ્રહપણું છે.


૮૯. પરથી પૃથક્, વિભાવોથી વિમુખ ને સ્વભાવમાં સન્મુખ થઈને ચૈતન્યભાવ અને રાગભાવનું ભેદજ્ઞાન કરતાં સારભૂત આત્મા પ્રાપ્ત થાય છે—અનુભવમાં આવે છે. અરે, જેમાંથી સારભૂત આત્મા ન મળે તેનાથી યદિ સ્વર્ગ મળે તોપણ આત્માને શું લાભ?

૯૦. તીર્થંકર ભગવંતોનું ધર્મચક્ર કલ્યાણકારી છે, આત્માને શાંતિ આપનારું છે. 'ધર્મ' એટલે વીતરાગભાવ અને ચક્ર એટલે પરિણમન તે ધર્મચક્ર; એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન તે જ ભગવાનનું ધર્મચક્ર છે.

૯૧. અહો. આ તો અધ્યાત્મરસની મીઠી ધારા વરસે છે. જ્યાં આવો શાંત ચૈતન્યરસ વરસતો હોય ત્યાં સંસારના વિષય-કષાયોમાં કોનું ચિત્ત લાગે? અત્યંત મધુર ચૈતન્ય-રસનો સ્વાદ ચાખતાં સંસારના વિષયો નીરસ લાગે છે.



૯૨. ભગવાન મહાવીરના અઢી હજાર વર્ષીય નિર્વાણ-મહોત્સવ પ્રસંગે ફાગણ સુદ તેરસે, સોનગઢના ભવ્ય પરમાગમ-મંદિરમાં ગુરુ-કહાને અતિશય ભક્તિભાવથી મહાવીર ભગવાનના પ્રશાંત જિનબિંબના ચરણસ્પર્શ કરીને, કમલ પર તેમની પ્રતિષ્ઠા કરી....અહા, શો તે વખતનો ઉલ્લાસ !....ને હજારો ભક્તોનો ચારેકોર હર્ષનો કેવો કોલાહલ! કેવી અદ્દભુત શોભે છે પ્રભુની પ્રશાંત મુદ્રા! સર્વજ્ઞની એ પ્રશાંત મુદ્રા પ્રસિદ્ધ કરી રહી છે કે ચૈતન્યની શાંતિમાં સંસારનો કોઈ કોલાહલ નથી. બહારમાં પ્રભુની સ્થાપનાના બહાને મુમુક્ષુજીવ પોતાના અંતરમાં ચૈતન્યની પરમ શાંતિની સ્થાપના કરે છે.



૯૩. જુઓ, આ નિરાવરણ શાંત-વીતરાગી બાહુબલી ભગવાન આ દુનિયામાં અજોડ છે, તે ભેદજ્ઞાનનું નિમિત્ત છે. ચૈતન્યશક્તિને ખુલ્લી કરીને ઊભેલા આ બાહુબલી ભગવાન સાક્ષાત્ ચૈતન્યને દેખાડે છે. અને તેની સાધના કઈ રીતે કરવી તે બતાવે છે. તે વિશ્વની અલૌકિક અજાયબી છે.

[ શ્રવણબેલગોલામાં યાત્રા પ્રસંગે
ગુરુ-કહાનના પ્રસન્ન-ઉદ્દગાર ]

૯૪. કોઇ કહે કે આત્મા સમજવા માટે અમને નિવૃત્તિ નથી મળતી, વાંચન-વિચારનો વખત નથી મળતો.—તો તેને કહે છે કે હે ભાઇ! તારી વાત જૂઠી છે, તને આત્માની ખરી રુચિ નથી એટલે તું બહાનું કાઢે છે. તને વિકથાનો તો વખત મળે છે; તને ઊંઘવાનો, ખાવાનો, છાપાં વાંચવાનો ને બીજી અનેક પાપપ્રવૃત્તિનો તો વખત મળે છે! ને આત્માના વિચાર માટે વખત નથી મળતો? જો આત્માના હિતની ખરી ખટક હોય તો તેને માટે બીજા બધાનો રસ છોડીને વાંચન-વિચારનો વખત કાઢ્યા વગર રહે જ નહિ.

૯૫. અહા, જે આત્મસ્વભાવની પ્રેમથી વાત કરતાં પણ આનંદની ઉર્મિ આવે તેના સાક્ષાત્ અનુભવના આનંદની શી વાત! માટે હે જીવ! દુઃખથી છૂટવા ને આનંદિત થવા તું તારા આત્મામાં 'હું શુદ્ધ ચિદાનંદ છું' એવી શ્રદ્ધાના સંસ્કાર પાડ. જેણે સાચી શ્રદ્ધા કરી તેણે આત્મામાં મોક્ષનો મંગલ સ્તંભ રોપ્યો.

૯૬. પરમાં સુખ શોધનાર પોતે જ ખરેખર સુખસ્વરૂપ છે. 'પરમાં મારું સુખ'—એનો અર્થ એ થયો કે આત્મા અહીં ને તેનું સુખ ક્યાંક બીજે, એટલે આત્મા અને સુખ બંને જુદા જ ઠર્યા, સુખ તે આત્માનો સ્વભાવ ન રહ્યો! પણ ભાઇ! એવો (સુખ વગરનો) આત્મા ન હોય. આત્મા આનંદથી ખાલી નથી, પોતે સુખસ્વરૂપ, આનંદથી ભરેલો છે; એનું ભાન કરતાં આનંદના સ્વાદનું વેદન થાય છે.

૯૭. ભગવાનનો માર્ગ એ અનુભવનો માર્ગ છે. જૈનશાસન આત્માની અનુભૂતિમાં સમાય છે: તેની શરૂઆત વીતરાગતાના વેદન વડે થાય છે, રાગ વડે તેની શરૂઆત થતી નથી. ચૈતન્યના આનંદની અનુભૂતિ વિકલ્પમાં નથી આવતી, ને તે અનુભૂતિમાં વિકલ્પનો પ્રવેશ થતો નથી. ધર્માત્માના અનુભવમાં આનંદનો બગીચો, અનંતગુણની સુગંધ સહિત ખીલ્યો છે.

૯૮. નિર્વિકલ્પતા વખતે જેમ જ્ઞાનીનું જ્ઞાન વિકલ્પથી જુદું છે, સવિકલ્પતા વખતે પણ એ જ રીતે જ્ઞાનીનું જ્ઞાન વિકલ્પથી જુદું છે.—જ્ઞાન અને રાગની ભિન્નતાનું આ પરિણમન લક્ષમાં લેવા જેવું છે. મોક્ષમાર્ગી જીવ પોતાના જ્ઞાન આનંદરૂપ પરિણામને તન્મયપણે કરે છે,—તે રૂપે પોતે પરિણમે છે, ને રાગાદિને પોતાથી ભિન્ન જાણીને તેનો અકર્તા રહે છે, તેમાં તન્મય થતો નથી. અહો, જ્ઞાન અને રાગની ભિન્નતાની આ અદ્‌ભુત વાત!—તે લક્ષમાં લેતાં અંદર સ્વાનુભવનો રસ્તો થઈ જશે.

૯૯. કોઈ કહે—અમે સમ્યગ્દર્શન માટે પુરુષાર્થ તો કરીએ છીએ પણ તે થતું નથી.—તો હે ભાઈ! તારી વાત જૂઠી છે. સમ્યગ્દર્શનનો સાચો પુરુષાર્થ તેં કર્યો જ નથી. સમ્યગ્દર્શન માટેનો જેવો પુરુષાર્થ છે તેવો કરે અને સમ્યગ્દર્શન ન થાય એમ બને નહિ. જેવો પુરુષાર્થ કરે તેવું કાર્ય થાય જ. પુરુષાર્થ કરે રાગનો-વિકલ્પનો, અને માને એમ કે હું સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરું છું,—એ તો ભૂલ છે; સમ્યગ્દર્શનનો પુરુષાર્થ રાગથી ભિન્ન કેવા શુદ્ધભાવરૂપ છે તેની એને ખબર પણ નથી. સમ્યગ્દર્શનના વિષયરૂપ શુદ્ધઆત્માને જ્ઞાનમાં બરાબર લક્ષગત કરીને પુરુષાર્થ કરે તો તરત સમ્યગ્દર્શન થાય જ.

૧૦૦. અનંતસુખનું ધામ એવું નિજસ્વરૂપ તેને ચાહીને, તેની
પ્રીતિ–શ્રદ્ધા–જ્ઞાનકરીને, સન્તો દિનરાત તેના ધ્યાનમાં
મશગુલ રહે છે; એના ધ્યાનમાં તેઓને પરમ શાંત
આનંદરસની ધારા વહે છે. અહો, એ
વિષયાતીત આનંદ, તેમાં મોક્ષમાર્ગ
સમાય છે. હે જીવ! તું પોતે
આવા અનંત આનંદનો મહા
ભંડાર છો....તેને લક્ષમાં
લઈને તું રાજી થા...
પ્રસન્ન થા....
અને તેનું ધ્યાન કરીને
આનંદિત થા—

**એમ શ્રી ગુરુદેવના આશીર્વાદ છે.**





ૐ

સહજાત્મ સ્વરૂપ

સહજ આત્મસ્વરૂપ

સહજ આત્મ સ્વ રૂપ

સહજ આત્મ સ્વ રૂપ

સહજ આત્મસ્વ રૂપ

જીવનની અંતિમ ક્ષણ સુધી ગુરુદેવે જેનું રટણ કર્યું હતું... અને મુમુક્ષુઓને પણ ચિંતન માટે જે મંત્ર આપ્યો હતો તે– "સહજ આત્મ સ્વરૂપ" નું પોતે ઘોલન કરતાં કરતાં ગુરુદેવે પોતાના હસ્તાક્ષરે 'પાંચ વાર' લખેલ છે,—તે હસ્તાક્ષરો અહીં આપ્યા છે. આ હસ્તાક્ષરોની કેટલીક વિશેષતા હવે પછીના પુસ્તકમાં આપ જાણશો.




હે ગુરુદેવ !

આપશ્રીની મંગલ સ્મૃતિમાં પ્રસિદ્ધ થતા આ પ્રથમ પુષ્પ વડે આપશ્રી પ્રત્યે ભક્તિભરેલી ઉપકાર-અંજલિ અર્પણ કરીએ છીએ...આપશ્રી અમૂલ્ય વીતરાગી-તત્વજ્ઞાનનો ભંડાર આપી ગયા છો....તેની ઉપાસના અને પ્રભાવના એ જ આપશ્રીની સાચી સ્મૃતિ છે....અને તેને માટે અત્યારે સ્વર્ગમાં બેઠાબેઠાય આપશ્રી મંગલ આશીર્વાદ આપી રહ્યા છો....

મહાવીર નિર્વાણ : (૨૫૦૮)
મંગલ દીપાવલી

શ્રી કહાન-સ્મૃતિ પ્રકાશન
જગદીશ જૈન; સંતસાન્નિધ્ય
સોનગઢ (૩૬૪૨૫૦)